# અર્હદ્ પ્રેરણા પત્ર



❖ વર્ષ : 32 ❖ અંક : 5 ❖ S.No. : 481
❖ તા.16-8-2025 ❖ ઓગષ્ટ
છૂટક નકલ : રૂ. 6/-








**પૂ.પં.હૃદયરત્ન વિ. દ્વારા લિખિત "મારું જીવન અંજલિ થાજો"**
**પુસ્તકનું હિંમતનગર - અમદાવાદ મુકામે વિમોચન**

**ગણધર ભગવંત રચિત "મન્નહ (ઈ) જિણાણં"ની સજ્ઝાયનું વિસ્તારથી વિવેચન ભાગ-૩ માં પ્રકાશિત થઈ ચૂક્યો છે. તે પૂર્વેના ભાગ ૧ અને ભાગ ૨ "બંધન બંધન ઝંખે મારું મન" તથા "આતમ ઝંખે છૂટકારો" પુસ્તક માટે ટ્રસ્ટની ઓફિસે તથા માનસમંદિરે સંપર્ક કરવો. ભાગ-૪ હવે પછી પ્રકાશિત થશે. પર્યુષણ કરાવવા જતા યુવાનો તથા પંડિતો માટે કલ્પસૂત્ર તથા અષ્ટાહ્નિકા બન્ને પ્રતો હિન્દી તથા ગુજરાતીમાં ટ્રસ્ટની ઓફિસે તથા માનસમંદિરેથી પ્રાપ્ત થશે.**






तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 5
S.No. : 481 ❖ વિ.સં.2081
તા.16-8-2025 ❖ ઑગષ્ટ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–



**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**



## પ્રાર્થના

હે વિશ્વેશ્વર ! સુખ માટે આખી દુનિયા ભટકે છે, તેમ હું ય ભટકતો રહ્યો. જે મળ્યું તેમાંથી સુખ મેળવવાના પ્રયત્નો કર્યા, જે મળ્યા તેઓની પાસેથી પણ સુખ માટેની પ્રાર્થનાઓ કરી, ક્યારેક કહેવાતું સુખ મળ્યું, પણ ક્ષણમાં તો ઝુંટવાઈ ગયું, ક્યારેક તે જ સુખે મને વધારે દુઃખી કરી મૂક્યો. ક્યારેક તો સુખના સ્થાનો જ મારા દુઃખના ડુંગરો બન્યા અને હું નિરંતર દબાતો રહ્યો.

જ્યારે ખબર પડી, કે દુનિયાથી તદ્દન નિરાળો, નજરથી દૂર, એક પરમાત્મા પણ આ દુનિયામાં ક્યાંક રહે છે અને ત્યાં સુખ મળે છે.

હે કૃપાવતાર ! મેં શોધ ચાલુ કરી, પણ ક્યાં શોધું ! તારું તો કોઈ કાયમી સરનામું ય ક્યાં છે ! આજ તારા મંદિરના દ્વારે આવ્યો છું.

ધન્ય છે તે સંતોને કે, તારી રૂપાળી, સૌમ્ય, આનંદમયી પ્રતિમા બનાવી. અહીં તારી પ્રતિષ્ઠા કરી છે. હે પ્રભુ ! તું ન હોત તો દુખિયાના દુઃખો કોણ દૂર કરત ?

હે કૃપાળુ ! હવે હું વધારે દુઃખી થવા માંગતો નથી. આજથી જ તારું કલ્યાણકારી શરણું સ્વીકારું છું. હવે મારું ચિત્ત તને છોડી ક્યાંય નહીં જાય તેનું પ્રોમિસ કરું છું. મને તારા જેવો સુખી બનાવ ! અરે ! ભૂલ્યો, મને એકલાને શું કામ ? તું તો સર્વશક્તિમાન છે. હે નાથ ! આખા વિશ્વને સુખી બનાવ. કોઈનેય તરછોડો નહિ.

## સંવેદના

ઉપકારીનો ઉપકાર ક્યારેય ન ભૂલવો, ઊલટું જરૂર પડે તેને સહાયક થવું તે ‘કૃતજ્ઞતા’ ગુણ છે. પણ ઉપકારી ઉપર અપકાર કરવો, ઉપકાર ભૂલી જવો તે ‘કૃતઘ્નતા’ છે. જે ખરાબ દોષ છે.

ભારતની મહાન આર્ય સંસ્કૃતિમાં ભૂમિનું પણ પૂજન કરવામાં આવે છે ! કેમ ? તો, તે ભૂમિ ઉપર મારે મકાન બાંધવાનું છે, કે ભૂમિ (ખેતર) ખેડવાની છે ! ભૂમિનો પણ માનવજાત ઉપર ઉપકાર થયો તેની કૃતજ્ઞતા વ્યક્ત કરવા તેનું પૂજન ! તેમ વાયુને પણ દેવતા કહી વાયુદેવતાનું પણ પૂજન.

તે રીતે અગ્નિદેવતા, જલ–દેવતાની પણ પૂજા કરવાની છે. જેના વિના જીવન જીવવું શક્ય નથી પછી આ દેવતાઓનો બેફામ ઉપયોગ તો કેવી રીતે થાય ?

હવે, વિચારો કે, માતા–પિતા કેટલા ઉપકારી ? આમ, વિચારશો તો જગતમાં કેટલાય આત્માઓનો આપણા ઉપર ઉપકાર છે. તેની પૂજા ન થાય તો કંઈ નહીં પણ તેમનો તિરસ્કાર તો કેવી રીતે થાય ? તેમનું અશુભ કેવી રીતે થાય ? રોજ રાત્રે આવા અનેક ઉપકારીઓને યાદ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી સૂવું જોઈએ. તેમના પ્રત્યે અપકાર તો ક્યારેય ન કરાય ! તમે ‘કૃતજ્ઞ’ બનજો કૃતઘ્ન નહીં ! નહીં તો વિધાઉટ ફેઈલ દુર્ગતિ લમણે ટીચાશે.



**હેમસૂત્ર** **પ્રવૃત્તિમાં મોક્ષનો આશય ભળે એટલે તે યોગ બને, તમે યોગી બનો, નહીં તો છેવટે કોઈને ઉપયોગી તો બનજો જ.**

## વિવેક :

ઉપશમ-વિવેક-સંવર અંતર્ગત વિવેકની વાત ચાલી રહી છે. વિવેક તમામ પ્રવૃત્તિમાં જોઈશે.

સારી સંસારની કે ધર્મ પ્રવૃત્તિમાં પણ જો વિવેક ન ભળે તો પરિણામ કદાશ શૂન્ય આવે અથવા તેના અનેક રીએક્શનો પણ આવી શકે.

તેમ સારી પ્રવૃત્તિ કે આવશ્યક પાપ પ્રવૃત્તિમાં પણ જો વિવેક રાખીએ તો કદાચ લોકો માફ કરી દે છે અથવા તો પાપ પ્રવૃત્તિ વધારે પાપબંધનું કારણ નથી બનતી. સારી પ્રવૃત્તિ વધારે પ્રશંસનીય બને છે.

ગત અંકમાં સંસારની વ્યવહારિક ક્રિયાઓમાં પણ વિવેક તમારી ખાનદાની અને સારાપણાને પ્રગટ કરતો હોય છે, તે જોયું.

જમતી વખતે કેટલું, કેવું, કેવી રીતે ખાવું તે પણ વિવેક છે. તપના પચ્ચક્ખાણ એટલે બિયાસણા આદિ હોય તો ફળોને સમારી અચિત્ત કરીને (ટુકડા કરી બીજો કાઢીને) ખાવાના હોય છે. પણ આખે આખું ફળ દાંતેથી તોડીને ખાવું તે તપમાં જેમ વિવેક નથી. તેમ તપ વિના પણ રસ્તે ચાલતાં કે બેઠા-બેઠા પણ આખું ફળ ખાવું તે વાનરવેડા કહેવાય. આ સંસ્કાર તો પશુના છે. તેની પાસે હાથ કે સાધન ન હોવાથી તે પ્રાણીઓ વસ્તુને આખીને આખી મોંઢામાં નાંખે છે. પણ તમને સાધનો મળ્યા છે. માટે આખાને આખા ફળ ન ખાતાં તેને સમારીને ખાવાં તે વિવેક છે.

તેનાથી ફાયદા આ છે, સમારીને વાપરવાથી તે ફળ અંદરથી બગડેલું હોય, અંદર જીવો પડી ગયા હોય, કારવાઈ ગયેલું હોય તો હિંસાથી તો બચાય આગળ વધી બગડેલું ફળ ખાવાથી શરીરને નુકસાન થતું અટકે છે. એક ભાઈ સફરજન આખું મોંઢામાં મૂકી ખાવા જતાં જડબુ જકડાઈ ગયું. સફરજન તો બહાર કાઢ્યું પણ જડબું હવે બંધ થતું નથી. દુઃખાવો થવા લાગ્યો. તરત જ દવાખાને લઈ જવા પડ્યા. જકડાઈ ગયેલા જડબાને ડૉક્ટરે ઈન્જેક્શન વિ. આપી બંધ કર્યું. અઠવાડિયું દુઃખાવો રહ્યો.

કેટલાકને જોરથી બગાસું ખાતાં જડબુ જકડાઈ જવાના બનાવ સાંભળ્યા છે. માટે ફળને સમારી, જોઈ ખાવા તે **વિવેક.**

આ રીતે લીલા શાકભાજી-દ્રાક્ષ વગેરે સીધે સીધા ખાવા તે વિવેક નથી. ટામેટા-કાકડીના સલાડ કાચા જ ખાવામાં જોખમ છે. તેને બાફીને મસાલા વિ. નાંખી ખાઈ શકાય. પણ કાચા ખાવાથી તેના ઉપર છાંટેલા કેમિકલ



રૂપી ઝેર પણ શરીરમાં જાય છે. કારણ શાકભાજીવાળા ખેતરમાં પંખી કે જીવો, તે ખાઈ ન જાય તે માટે તેના ઉપર જાત-જાતના કેમિકલ છાંટતા હોય છે. માટે લીલા શાકભાજી બોઈલ કર્યા વિના ખાવા તે વિવેક વિનાની વાત છે. તેમાં માત્ર ધર્મ નહિ શરીર વિજ્ઞાન પણ છે.

પાણીની બોટલોમાં અનેકવાર જીવાતો, ડ્રીંક્સની બોટલોમાંથી ઈન્સેક્ટસ્ કે વાંદા નીકળવાની ફરિયાદો સાંભળી છે. માટે આખી બૉટલ જ મોંઢામાં નાંખી પાણી કે ડ્રીંક્સ પીવું તે શરીર માટે પણ જોખમી છે. માટે વિવેક એ રાખવો કે પાણી ગાળીને પછી જ પીવું. અરે... કોરોનામાં બોઈલ વોટર જ લોકો પીતા હતા. હવે બધા તે દિવસો ભૂલી ગયા. જૈનો મોટાભાગે ખાસ કરીને

કોઈ સગા-સંબંધીના ત્યાં મહેમાન બન્યા હોય ત્યારે કોઈ ચીજ માંગવી નહીં. બને ત્યાં સુધી ચલાવી લેવું તે વિવેક છે. યજમાન પાસે માંગી લેવાથી તમારી ક્મિંત ઘટે છે.

ચોમાસામાં તો પાણી બોઈલ કરીને જ પીતા હોય છે.

તેમ તમે જ્યારે યજમાન છો, તો ભોજન વખતે મહેમાનને માંગવું ન પડે અને બધું સમયસર મળી જાય એવું આયોજન કરવું તે વિવેક છે. તેથી તમારી ખાનદાની શોભી ઉઠે છે. આની અસર સમાજ ઉપર પડે છે. આવા વિવેકી કુટુંબો સમાજ માટે આદર્શ બને છે. તેમનો પરિવાર બધે પ્રશંસા પામે છે. આ બધા લૌકિક વિવેક છે.

જીવનમાં દરેક પ્રસંગોમાં, નિત્ય ક્રિયાઓમાં, ખાવામાં-પીવામાં બેસતાં ઉઠતાં પ્રત્યેક ક્રિયાઓમાં વિવેક ભળે એટલે જીવન ગુણોથી ભરાવા લાગે. પછી તે વ્યક્તિ તેનો પરિવાર, તેનો સમાજ, તેનો સંઘ બધા જ ક્ષેત્રોમાં વિવેકની વૃદ્ધિ થતાં એક સૌજન્યશીલ સમાજોનું નિર્માણ થાય. આમ પણ સંઘમાં અનેક સમાજો છે અને સમાજ વ્યક્તિઓથી બનેલો છે. વ્યક્તિ સુધરે એટલે સમાજ સુધરે અને તેથી સંઘની આબરૂ વધે છે. પરિવારો વિવેકી હોય તો સંઘ આખો વિવેકી બની ભગવાનના શાસનને અજવાળે.



એક સંઘમાં એવો રિવાજ છે કે, ચોમાસું આવે, મોટા કે નાના સાધુ ભગવંતો ચોમાસું કરવા પધારતા હોય. તે માટે અગાઉથી ફંડ થાય. સંઘમાં જાહેરાત થાય કે, અમુક દિવસે ઉપાશ્રયમાં ફંડની પેટી મૂકવામાં આવશે. સંઘના દરેક સભ્યોએ આપણું કર્તવ્ય સમજી ચોમાસાના ફંડમાં લાભ લેવો.

અને તે નક્કી કરેલા દિવસે જેમ ચૂંટણીમાં મતદાન પેટી હોય એમ ફંડ પેટીમાં જઈ તમારી જે ઈચ્છા હોય તેટલું ફંડ પેટે રોકડા રૂપિયા અથવા તેટલા રૂપિયાનો ચેક અથવા તમારા સરનામા સાથેની રકમ લખેલી સ્લીપ મૂકી જવાની. સંઘના વિવેકી શ્રાવકો માત્ર એક દિવસમાં પોતાનું કર્તવ્ય સમજી મૂકી જાય અને ચાતુર્માસની આરાધનાઓ થાય.

સંપત્તિનો ઉપયોગ ક્યાં, કેટલો, કેવી રીતે કરવો તે લોકોત્તર વિવેક હોય તો ધર્મના ક્ષેત્રને પહેલી પસંદગી મળે. સંપત્તિ ભલે પુણ્યના ઉદયથી મળે છે પરંતુ તેને વાપરવાની બુદ્ધિ જો પાપાનુબંધિ હોય તો ધર્મના ક્ષેત્રે વપરાવાના બદલે સંસારના માર્ગે જાય છે. તે તમારું કલ્યાણ કરતી નથી. પરંતુ જેટલી સંપત્તિ ધર્મના માર્ગે જાય તે તમારા કલ્યાણનું કારણ બને છે. પુણ્યનો અનુબંધ સદ્બુદ્ધિ આપે છે. આવા વ્યક્તિઓની સંપત્તિ સન્માર્ગે જાય છે. તેમને એવો જ વિવેક ઉત્પન્ન થાય છે. આવા વિવેકી લોકો પોતાના મોજશોખમાં ખર્ચવાને બદલે ધર્મના ક્ષેત્રને પ્રધાનતા આપે છે.

મુંબઈમાં એક પરિવારમાં દીકરાના લગ્ન લીધા. પરિવાર ભેગો થયો. કેટલા ખર્ચનો અંદાજ છે ? દીકરાએ કહ્યું, પપ્પા કંઈક હટકે કરો. લોકો પૈસાના ધૂમાડા કરે છે. આપણે ધૂમાડાના પૈસા કરીએ અને પ્લાન બન્યો. લગ્નના એસ્ટીમેંટ-માંથી મોટી રકમ સાધર્મિકભક્તિમાં વાળી દીધી. કંકોત્રીના બદલે આશિષપત્ર છપાયું અને ૨૦૦૦ સાધર્મિક ઘરોમાં મીઠાઈ સાથે કીટનું વિતરણ થયું. લગ્ન સાદાઈથી થયા પણ ભક્તિ અફલાતૂન થઈ. આ લોકોત્તર વિવેક છે.

તમારામાં જો આવો વિવેક હશે તો તમારી બુદ્ધિ આવા માર્ગે જ કાર્ય કરશે. બાકી વિવેક વિના શું શું થાય છે તે કંઈ કહેવા જેવું નથી. આપણા જ ભાઈઓ એવા લગ્નો કરે છે, કરોડો રૂપિયાના શોં કરી ભલે પોતાની મોટાઈ અને શેઠાઈ બતાવે છે પરંતુ ધર્મના ક્ષેત્રે તેઓના આ વિચારો સાવ ગરીબ સાબિત થાય છે. તેનાથી જૈનધર્મને

કે પ્રભુના શાસનને એક ટકાનો પણ લાભ થતો નથી. આ વિવેક નથી તેનાથી કર્મબંધ છે.

યાત્રા કરવા જઈએ ત્યારે **'વિવેકી વિમલાચલ વસીએ'** ત્યાં વિવેકી બનીએ. ઉપર દહીં ન ખાઈએ કે નીચે આવી ભેળની લારીઓ શોધવી તે યાત્રાના માથે પાણી ફેરવવા બરાબર છે. આ વિવેક નથી. ભેળ ઉડાવવી તે યાત્રાની મશ્કરી છે. તેનાથી ચીકણા કર્મો બંધાય. સંસારમાં તો પાપ કરો જ છો આ યાત્રાનું મહાપવિત્ર સ્થાન છે ત્યાં પણ તે જ કરવાનું હોય તો તરશો ક્યાં જઈને ?

મહામંત્રી વસ્તુપાલ ને તેજપાલ ૩ લાખ દ્રમની મૂડી લઈ માંડલથી શ્રી શત્રુંજયની યાત્રા કરવા નીકળ્યા છે. હડાલા ગામે આવ્યા ને વિચાર આવ્યો આટલા બધા પૈસા લઈ નીકળ્યા છીએ ક્યાંક લુંટાઈ ગયા તો બધા જશે. લાવો ૧ લાખ અહીં દાટી દઈ સુરક્ષિત થઈ જઈએ. બન્ને ભાઈઓ વિચાર કરી ગુપ્તપણે જંગલમાં મોડી રાત્રે આવ્યા. એક મોટા વૃક્ષની નિશાની કરી, ખાડો ખોદ્યો જેમાં ૧ લાખ દ્રમનો કુંભ દાટવાનો હતો. પરંતુ તે ખાડામાંથી તો સોનામહોરો ભરેલો કુંભ દેખાયો. સ્તબ્ધ થયા. આ તો નવી ઉપાધિ આવી ? હવે શું કરવું ? અનુપમા પાસે ત્રીજી આંખ હતી **'વિવેક'**ની. ઘરે આવી ચર્ચા કરી કે હવે આ સંપત્તિનું શું કરવું ? ત્યારે વિવેકી અનુપમાએ કહ્યું, જમીનમાં નીચે દાટવાની વૃત્તિ અધોગતિ કરાવે ! સ્વામી ! ઊંચે પહાડ ઉપર ચડાવો તો સહુની ઉર્ધ્વગતિ થાય. લોકો આ સંપત્તિને જોઈ હરખાય, પુણ્ય બાંધે છતાં કોઈ લઈ ન શકે ! એવું આયોજન કરો !

તેજીને ટકોરો. બન્ને ભાઈઓ હરખાયા. શ્રી શત્રુંજય-ગિરનારના પહાડો જિનાલયોથી શણગાર્યા. સંપત્તિ મળ્યા પછી વિવેક શું કરાવે અને અવિવેક શું કરાવે તે તમારી સામે છે. વિવેક ત્રીજા ભવે મુક્તિનું મહા સામ્રાજ્ય અપાવે અને અવિવેકી જો માણસ ગબડે તો મમ્મણની જેમ સાતમી નરકે લઈ જાય ! મમ્મણને પણ સંપત્તિ મળી સાથે વિવેક ન મળ્યો. તો દશા બગડી.

આવો ઝીણી ઝીણી બાબતોમાં લૌકિક કે લોકોત્તર વિવેક કેળવશો તો આગળ જઈ મોટા વિવેકમાં ફાવશો. વિવેક પૂર્ણ તો ૪ થા સમ્યક્ત્વ ગુણઠાણે આવે છે. શ્રાવક અને તેથી ઉપર દેશવિરતિધર અને સાધુભગવંતો તે બધા ૫ મા અને ૬ ઠ્ઠા ગુણઠાણે છે. તે બધામાં વિવેક તો હોવો જ જોઈએ. નહીંતર ગુણઠાણું રહે કેવી રીતે ?

શ્રી શત્રુંજયતીર્થ ઉપર પરંપરાથી અનેક અનુષ્ઠાનો થાય છે. અનેક છ'રી પાલિત સંઘોથી લઈ હજારોની સંખ્યામાં આરાધકોની સામૂહિક આરાધનાઓ થાય છે. છેલ્લા દસ વર્ષથી આખી દુનિયામાં એક એવું ભયંકર



વાવાઝોડું આવ્યું છે તેમાં ધર્મસ્થાનો પણ બચ્યા નથી. અત્યારે આપણું પવિત્ર મહાતીર્થ કેટલાક દુષ્ટોના હાથમાં આવ્યું છે. ત્યાં દારૂની ભટ્ટીઓ ચાલે છે. ઉપર યાત્રાએ જતા યાત્રિકોને વિધર્મીઓ વગેરે ત્રાસ આપે છે. પહાડ ઉપર વિધર્મી વગેરેના સ્થાનો બનવા વગેરેની દાદાગીરી અત્યંત વધવા લાગી છે. તેવા કપરા સંયોગોમાં જૈનોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને જોઈ વિવેક પ્રગટવો જરૂરી છે. અનુષ્ઠાનો કરાવવા લાવવા પડતા રસોઈયા, વેઈટરો, કામદારો, મંડપવાળા વગેરેનું જીવન ધોરણ સાવ ખાડે ગયેલું જોવા મળે છે. તેઓ દ્વારા ક્યાંક આપણી જ બહેનોની છેડતીઓ થવા લાગી છે. અરે ! છોકરીને ઉપધાનમાંથી ઉઠાવી જવાના કિસ્સા બહાર આવ્યા છે. ત્યારે જો વિવેક નહિ જાગે તો તીર્થનો મહિમા તો જોખમાશે સાથે તેના નાશમાં આપણે જ ખરા કારણ બનીશું.

પૈસા ખર્ચવા છે, તો ક્યાં, ક્યારે અને કઈ રીતે ખર્ચવા કે જેથી પ્રભુના શાસનને લાભ થાય. શ્રીસંઘ અને સંઘના શ્રાવક-શ્રાવિકાઓને લાભ થાય તેવા વિવેકપૂર્વક આયોજનો થવા જોઈએ.

જ્યાં પોતાની નામના, પ્રસિદ્ધિ, સ્પર્ધા આદિ તત્ત્વોથી અનુષ્ઠાનો દૂષિત થાય છે. ત્યાં વિનય અને વિવેકનો સરિયામ ભંગ થતો જોવા મળે છે. તેનાથી ઘસારો તો પ્રભુના શાસનને જ થાય છે. જૈનો જેવી બુદ્ધિશાળી પ્રજાને પણ વિવેક શિખવવો પડે એવો સમય આવ્યો છે.

તમે કરોડો ખર્ચો તેની ના નથી પણ તેથી ‘‘મારા પ્રભુના શાસનને નુક્સાન તો નહીં થાય ને ?’’ આવી ભાવિની ચિંતા કરી, બુદ્ધિ ચલાવી પછી આગળ વધો. ઘણીવાર સારી દેખાતી વાત પરિણામે નુક્સાન કરનાર હોય તો તે સારી તે હકીકતમાં વિવેક વિનાની છે. તેની ફેર વિચારણા કરી બદલવી જોઈએ.

માત્ર તમારું, તમારા ખાનદાન કે ફેમીલિનું ન વિચારતાં પ્રભુના શાસનને પણ નજરમાં લઈ ધર્મપ્રવૃત્તિ સેટ કરવી જોઈએ, તે વિવેક કર્યો કહેવાય.

❖ **બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - અમદાવાદ :** ગ્રુપની બહેનોએ શ્રી શત્રુંજયના દાદા આદિનાથની યાત્રાની સાથો-સાથ ગિરિરાજની રક્ષા હેતુ આજુ-બાજુના ગામોની મુલાકાત તથા સહાયનો કાર્યક્રમ રાખ્યો હતો.

૬ બસ દ્વારા ૨૫૦ જેટલી બહેનો યાત્રામાં જોડાઈ હતી. ૨૬ જૂને તળેટી તથા ગિરિરાજની સ્પર્શના કરી. પીપરડી ગામની પ્રથમ મુલાકાત થઈ. શાળાના બાળકો દ્વારા શિસ્તપૂર્વક સ્વાગત, કંકુતિલક તથા સ્વાગત કરી મધુરજલપાન કરાવ્યું હતું. આવેલા ૨૦૦ બાળકોને ગ્રુપ તરફથી સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું.

આદિપુર ગામમાં ભરતકામ આદિ ગૃહઉદ્યોગ કરતી બહેનોની મુલાકાત, હેન્ડમેઈડ ચીજોની બહેનોએ ખરીદી કરી હતી. બહેનોએ સહાયની ઑફર કરતાં ગામના લોકોએ વિનયપૂર્વક ઈન્કાર કર્યો હતો.

બહેનોની આવી મુલાકાતથી ગામના લોકો, શિક્ષકો તથા બાળકો પણ ખુશ થઈ ગયા હતા. ગ્રુપ લીડરે ગિરિરાજની પવિત્રતા તથા તીર્થ પ્રત્યે બહુમાન થાય તેવી ગામ લોકોને પ્રેરણા કરી હતી.

**સર્વે વાચકોને**
**સાંવત્સરિક**



**મિચ્છા મિ દુક્કડં**

# પરિણતિની Jain ફિલોસોફી-૮

## કામરાગ-સ્નેહરાગ - ૩

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું,

सल्लं कामा विसंकामा, कामा आसी विसोपमा ।

कामेय पत्थेमाणा, अकामा जंति दुग्गई ॥५३ उत्त ३ ॥

કામ શલ્ય છે. જેમ પગમાં ઘૂસી ગયેલો કાંટો સતત પીડા આપ્યા કરે છે તેમ કામરૂપી કાંટો માણસને કામની સતત પીડા આપ્યા કરે છે.

કામ તે ઝેર છે. જરાક જીભ ઉપર અડ્યું નથી કે આખા શરીરમાં ફેલાવા માંડે અંતે માણસને ખતમ કરે.

કામ તે સાદું ઝેર નહી 'આશીવિષ' ઝેર છે જે ઝેર સ્મરણ માત્રથી ખતમ કરે. બિચારો કામી વ્યક્તિ કામને ઈચ્છતો, કામની પ્રાર્થના કરતો કારણ વિના જ દુર્ગતિઓના મહા ચક્કરમાં ફસાય છે. કામી કેવો અંધ બની જાય છે તે માટે લખ્યું,

दिवा पश्यति नो घूकः, काको नक्तं न पश्यति ।

अपूर्वः कोऽपि कामान्धो, दिवानक्तं न पश्यति ॥

કહેવાય છે, ઘૂવડ દિવસે જોઈ શક્તું નથી, સૂર્યનો પ્રકાશ થતાં તે અંધ બની જાય છે. પરંતુ રાત્રે તો જુએ જ છે. કાગડો રાત્રે જોતો નથી તેમ છતાં તે પણ દિવસે તો સારી રીતે જુએ છે.

પણ, આ કામી તો કોઈ અપૂર્વ ચીજ છે, એન્ટિક છે. જે નથી દિવસે જોતો કે નથી રાત્રે જોતો એટલે તેને કામાન્ધ કહ્યો છે.




હવે, કામરાગ નાથવાના અને કાઢવાના કેટલાક ઉપાયો જોઈએ.

કામ એટલે ઈચ્છા. ઈચ્છાઓ આકાશ જેટલી છે. એક પૂરી થાય એટલે બીજી લાઈનમાં બેઠેલી જ છે. ક્યારેય પૂરી થવાની નથી. વળી જીવનમાં બધી જ ઈચ્છાઓ પૂરી કરવા જેવી છે તેવું નથી. તેના ત્રણ વિભાગ પાડવા જોઈએ.

૧. પૂરી કરવી જરૂરી.
૨. નિયંત્રણ કરવી જરૂરી.
૩. નાશ કરવી જરૂરી.

જે ઈચ્છાઓ પરંપરાએ પણ આત્મહિત કરનારી હોય તે તમામ ઈચ્છાઓનું લીસ્ટ કરવું અને તેના માટે વ્યવસ્થિત પ્લાન કરવા. સંયોગો, શક્તિ અને સંપત્તિના સદ્‌ભાવ મુજબ તેમાં આગળ વધવું. જરૂરી ઈચ્છાઓ પણ બે પ્રકારની છે. સંસારમાં જીવવા માટે જરૂરી અને ધર્મમાર્ગમાં ચાલવા માટે જરૂરી. તેમાં સંસારમાં સારી રીતે જીવી શકાય તે માટે જરૂરી ઈચ્છાઓ પણ બે પ્રકારની (૧) આવશ્યક (૨) આકર્ષક.

(૧) આ બન્નેમાંથી જે આવશ્યક છે તે ઈચ્છાઓ જયણા અને વિવેકપૂર્વક પૂરી કરવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ તે માટે આકર્ષકનો રસ્તો લેવો તે વિવેક નથી તે માત્ર શોખ પોષવા માટે છે કે **ઈગો** સાચવવા માટે છે, જેમ કે

ઘડિયાલ જરૂરી છે તો તે ૫૦૦ ની હોય કે ૫૦૦૦૦ ની હોય. બન્ને સમય તો સરખો જ બતાવે છે. તો હવે ૫૦૦૦૦ ની માત્ર **ઈગો** વધારવાનું જ કામ કરશે.

કાર જોઈએ તો તે ૫ લાખની હોય કે ૫૦ લાખની હોય બન્ને અંતર કાપવા અને લક્ષ્ય સુધી લઈ જવા સક્ષમ છે. ૫૦ લાખની માત્ર **ઈગો**ને તગડો કરશે.

આ ઈગો અને અહંકાર સાચા આનંદને હૃદયમાં આવવા દેતા નથી, કે સારા સંબંધોની હૂંફ આપી શક્તા નથી. હકીકતમાં ઈગો આત્માના સાચા આનંદનું ગળું દાબી અને ડૂપ્લીકેટ આનંદની બૉટલો ચડાવ્યા કરે છે.

(૨) કેટલીક ઈચ્છાઓનું નિયંત્રણ કરવું જરૂરી હોય છે. જો ઓવરડોઝ થઈ જાય તો કામરાગની બીમારી ઝડપથી ફેલાઈ જાય છે. જેમ કે, કમાવાની ઈચ્છા દરેકને હોય છે. સંસાર લઈને બેઠેલાને કમાવું તો પડશે જ. ધંધો-નોકરી કરવા પડશે જ. તેમ છતાં નિયંત્રણ એ વાતનું આવશે કે, પરલોક બગડે, ફેમીલિ ડિસ્ટર્બ થાય, સામાજિક સંબંધો કપાઈ જાય, સારા રિવાજોનું પાલન ન થઈ શકે, ગુલામની જેમ દોડ્યા કરવું પડે તેવા ધંધા કે નોકરી ન કરાય. હડકાયા કૂતરા જેવું જીવન જીવાય ખરું ?

પોતાનો ધર્મ સચવાય, કુટુંબનું પરિપાલન થાય. સમાજમાં કે સંઘમાં સેવા-ભક્તિનો લાભ મળે તેવો ધંધો-નોકરી જ ઈષ્ટ છે. કર્તવ્યોને ગૌણ કરી જીવાતી જિંદગી સજ્જન માણસને હરગીજ પસંદ ન જ હોય. નિયંત્રણ વિનાની આકર્ષક વસ્તુઓ તરફ દોડતી જિંદગી તે કામરાગ બની જાય. તે ક્યાં લઈ જાય તે કહેવાય નહીં.



(૩) કેટલીક ઈચ્છાઓ ઉગતી જ ડામી દેવા જેવી હોય છે. કેટલીક ઈચ્છાઓ કરતાં પહેલાં પોતાના કપાળની સાઈઝ માપી લેવી જોઈએ, પોતાની છાતીની પહોળાઈ માપી લેવી જોઈએ અને પોતાની શક્તિના ફેટ કઢાવી લેવા જોઈએ.

કોઈનું પડાવી લેવાની ઈચ્છા, દાબી દેવાની ઈચ્છા, કોઈને શીશામાં ઉતારી દેવાની ઈચ્છા ટૂંકમાં, કોઈપણ જીવને દુઃખ-પીડા થાય તેવી પ્રવૃત્તિ જાણી જોઈને કરવાની ઈચ્છા જ કરવા જેવી નથી. તરત જ દાબી દેવી. વિચાર આવી જાય તો તરત જ આત્મસાક્ષીએ મિચ્છા મિ દુક્કડમ્ દઈ દેવા જોઈએ.

ભગવાન કહે છે, આત્માનું અહિત કરનારી તમામ ઈચ્છાઓનું તો શમન કરવા જેવું જ છે. આત્મહિત કરનાર ઈચ્છાઓનું વિવેક અને જયણાપૂર્વક ગુરુને પૂછી આગળ વધવું જોઈએ.

શમન કરવું એટલે જે ઈચ્છાઓ થાય તેની સામે ભાવિ અપાયના ચિંતન આદિથી કરવું. સમ્યગ્ સમજણથી, ભાવનાથી ઉગતી જ ઈચ્છાઓને રવાના કરવી જોઈએ.

જીવનને સુંદર બનાવવા દઢ સંકલ્પો કરવા, વ્રતો લેવા, નિયમોથી જીવનને સુરક્ષિત કરવું જોઈએ. જેથી ઈચ્છાઓ થાય જ નહીં. તેના નિમિત્તો મળે તો પણ વિવેક અને સમજણથી જીવ મૂંઝાય નહીં અને માણસ બરબાદ થતો અટકે. માટે એકાંત અને ઉચ્છૃંખલ જીવન ક્યારેય સેવવું નહીં.

યોગની ભાષામાં સાંભળ્યું હતું કે, કામવૃત્તિનું સ્થાન નાભિથી ગુદા સુધી અધોભાગમાં છે. આપણા શરીરમાં પાંચ પ્રકારના વાયુઓ હોય છે. તે સમ બનીને રહે છે. કોઈ વાયુ, કોઈ કારણ, નિમિત્તને પામી જો વિષમ થાય તો પેટ અથવા શરીર બગડે છે. શરીરમાં આ વાયુઓ જરૂરી પણ છે. તે વિષમ ન બને તે માટે શરીરનું પણ વિજ્ઞાન જાણવું જોઈએ.

પાંચ પ્રકારના વાયુનું વિજ્ઞાન :

**(૧) પ્રાણવાયુ :** તેનું મૂળ નાશિકામાં છે. તે મુખ, કંઠ, છાતી, જીભમાં રહે છે. તેનું કાર્ય-થૂંક-ગળફાને બહાર ફેંકવા, ઓડકાર દ્વારા જઠરનો વાયુ બહાર કાઢવો, નિઃશ્વાસ કાઢવો તથા કોઠામાં અન્નને પ્રવેશ કરાવવાનું છે.

**(૨) ઉદાનવાયુ :** તેનું સ્થાન નાશિકા, કંઠ અને નાભિમાં છે. તેનું કાર્ય વાક્પ્રવૃત્તિ એટલે બોલવા માટે વાયુ પ્રેરવો, ઓજ, બલ, વર્ણ અને સ્મૃતિ માટે કાર્ય કરે છે.

**(૩) વ્યાનવાયુ :** આનું સ્થાન હૃદય ઉપરાંત સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત થઈને રહે છે. તેનું કાર્ય પ્રસાર, આક્ષેપ, નિમેષ આદિ બધા જ પ્રકારની શારીરિક ચેષ્ટાઓ માટે પ્રેરે છે.

**(૪) સમાનવાયુ :** આ વાયુ જઠરાગ્નિ પાસે સ્થિર રૂપે રહે છે. તેનું કાર્ય જઠરના અગ્નિને બળ પ્રદાન

કરવાનું છે. જેથી અન્ન પાચન આદિ ક્રિયાઓ સારી રીતે ચાલ્યા કરે.

**(૫) અપાનવાયુ :** આનું સ્થાન શ્રોણી, બસ્તિ, મેન્દ્ર (પુરુષ ચિહ્ન), વૃષણ, (સ્ત્રીની યોની) તથા ગુદાના ભાગમાં હોય છે. તેનું કાર્ય મલ, મૂત્ર, શુક્ર (વીર્ય) સ્ત્રીનો-આર્તવ તથા ગર્ભમાંથી શીશુને બહાર ધકેલવાનું છે. આ બધી માહિતી આયુર્વેદાચાર્ય વાગ્ભટ્ટ ઋષિએ તેમના એક ગ્રંથમાં આપેલી છે.

આપણી વાત કામવૃત્તિ અંગેની છે. કામવૃત્તિ નાભિથી ગુદા સુધીના ભાગમાં રહે છે. સ્ત્રીને જોતાં જ કામનો કરંટ તત્કાલ તે ભાગમાં ઝંઝનાટી પેદા કરે છે અને માણસને કામવૃત્તિ પેદા કરે છે.એટલે કે, કામાગ્નિ પ્રદીપ્ત કરે છે.

અપાનવાયુનું નિયંત્રણ પણ પ્રાયઃ પ્રાણવાયુ કરે છે. કામનું નિમિત્ત મળતાં પ્રાણવાયુનું નિયંત્રણ આ ભાગમાં ઘટી જતાં અધોગામી વૃત્તિઓ, ખોટી ઈચ્છાઓ, સેક્સના વિચારો સક્રિય બને છે. તેથી માણસ બુરી આદતમાં ફસાય છે. વારંવાર આવું બનવાથી પ્રાણવાયુ પણ નિષ્ક્રિય બને તેવું બળ પેલી કામવૃત્તિઓમાં વધવા લાગે છે.

તો હવે કામવૃત્તિઓ ન જાગે તે માટે શું કરવું જોઈએ ? આવો પ્રશ્ન તમને જાગ્યો હશે. જાગવો જ જોઈએ કારણ સાધકે જો લક્ષ્ય સુધી પહોંચવું હશે તો જીવનમાં બુરી આદતો, કામ ચેષ્ટાઓ છોડી પવિત્ર વૃત્તિઓને સ્થાન આપવું પડશે. પશુઓને પણ નિમિત્ત મળતાં અને અમુક ઋતુઓમાં કામ વૃત્તિઓ જાગૃત થાય છે. પણ પશુઓને કોઈ સમજ કે સાધના નથી એટલે તેઓ તો નિમિત્ત પામી વૃત્તિઓને આધીન થાય. તેમ કરતાં તેનું મરણ પણ થાય છે. તેની તેમને સમજ હોતી નથી.

હાથીનો શિકાર કરનારા જંગલમાં હાથી સમાઈ જાય તેટલો હાથીના આવાગમનના રસ્તા ઉપર ઊંડો ખાડો ખોદે છે. પછી હાથીને ખાડાની પેલે પાર બોલાવવા હાથણી પાસે ચીસો પડાવે. આ સાંભળી હાથીની કામ વૃત્તિ જાગે છે. તે હાથણીને સ્પર્શ કરી કામવૃત્તિને આધીન બનીને તે રસ્તે દોડે છે. દોડતાં દોડતાં પેલા ઊંડા ખાડામાં પટકાય છે. શિકારીઓ આવી તેને મહાત કરી વશ કરે છે. પછી બાંધીને દોરી જાય છે. કામવૃત્તિના કારણે હાથી જેવો હાથી બકરું બની આખી જિંદગી રાજાની નોકરી કરે. યુદ્ધો લડે અને કપાઈ પણ મરે ! કામવૃત્તિઓનું આ જ કામ છે !

**પાંચે વાયુઓ શરીરના આરોગ્ય અને લાંબા જીવન માટે ઉપયોગી છે. જેમ વાત-પિત્ત અને કફ શરીરને ઉપયોગી છે, તત્ત્વ તો છે, કે તેને સમ રાખવા પડે જો વિકૃત બને તો બધી જ પ્રકારની ગરબડો ઊભી થાય !**

જે સાધકો છે. તેઓ કામવૃત્તિઓનું નિયંત્રણ કરી સાધક બને છે. આત્મિક સુખની દિશામાં આગળ વધે છે.

યોગીઓ કહે છે, કામવૃત્તિઓ ઓછી કરવા, અંતે નાશ કરવા 'પ્રાણાયામ' નામનો યોગ કરો. અર્થાત્ દરરોજ બ્રહ્મ મુહૂર્તમાં (ખાલી પેટે) દીર્ઘ શ્વાસોશ્વાસની સતત પ્રક્રિયા કરવી. તેનાથી અપાનવાયુ ઉપર નિયંત્રણ આવે છે.

એકવાત સમજો, બહાર ખોટું જોવાઈ જાય તેથી આંખ ફોડી નાંખવાની જરૂર નથી. એવી મૂર્ખામી ન કરાય કારણ આંખ તો માત્ર જોવાનું સાધન છે. જોવાની વૃત્તિઓ તો અંદર પડેલી છે. એટલે નિયંત્રણ કે નાશ તો પેલી વૃત્તિઓનો કરવાનો છે. આ સાચી સમજણ છે. પહેલાં તત્ત્વને જાણો, શરીરના પણ રહસ્યોને જાણો તો તમારી સદ્‌બુદ્ધિ કુશાગ્ર બનશે.

તે વાયુઓ કે પ્રકૃતિઓ કેમ વિકૃત થાય છે ? કોપાયમાન થાય છે ? તેના કારણો જાણો પછી તેના નિયંત્રણ માટે ઉપાયો કયા છે ? તે જાણી અમલમાં લાવો તો સાધનામાં બળ આવે. ૧ મિનિટમાં માત્ર બે શ્વાસો-શ્વાસ લેવા. તે રીતે દીર્ઘ શ્વાસોશ્વાસનો અભ્યાસ પાડો. તે વખતે મનને નાસાગ્રે સ્થિર કરવું. કશું જ વિચારવું નહીં. માત્ર આ પ્રક્રિયા જોયા કરવી શુક્લ (વાયુ) શ્વાસ અંદર જાય છે. કૃષ્ણ વાયુ બહાર નીકળે છે. મારું શરીર, મન અને આત્મા નિર્મળ બને છે. તેવી ભાવનામાં સ્થિર થવું.

# જરા યાદ કરો કુરબાની !!!

આ. હેમરત્નસૂરિ

આજનો દિવસ આઝાદીનો છે. ચારેકોર ઉત્સાહનો માહોલ છે. દિલ્હીના લાલ કિલ્લા પર આજે ત્રિરંગો લહેરાવવામાં આવશે. ભારતીય સેનાની ત્રણેય પાંખો તેના વડાઓ સહિત ઝંડાને સલામી આપશે. પરેડ થશે. બ્યુગલો વાગશે. રાષ્ટ્રગીતો ગવાશે. વડાપ્રધાનના વરદ્‌હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. ટી.વી.ના માધ્યમ દ્વારા ઘર ઘરમાં લોકો આ દશ્યોને નિહાળશે.

ઈ.સ.૧૯૪૭, ૧૫મી ઓગષ્ટ પછી જેમનો જન્મ થયો છે, એવી આજની આઝાદ હિંદ પેઢીને આઝાદી કેવી રીતે આવી તેની ભાગ્યે જ ખબર હશે.



આજની આ સભામાંથી ''ફ્રીડમ એટ મીડ નાઈટ'' અડધી રાતે આઝાદી નામની બુક વાંચી હોય તેવા કેટલા ? ગાંધીજીના સત્યના પ્રયોગો વાંચી જનારા કેટલા ? ટી.વી., વીડિયો અને મૉબાઈલના ચાળે ચઢી ગયેલી આ પેઢીને ઈતિહાસના પુસ્તકોથી આડ-વેર છે.

આજની પેઢીને ડેનીમનું જીન્સ કેવી રીતે આવ્યું ? સ્ટોબરી કેવી રીતે આવી ? મેકડોનાલ્ડસના હેમબર્જર શી રીતે આવ્યા ? કેલોગના કોર્ન ફલેક કેવી રીતે આવ્યા અને કેપ્ટનકૂકડા આટા કૈસે આયા ઉનકા પતા હૈ, લેકીન આઝાદી કૈસે આઈ ઉનકા પતા નહિ.

જે દેશના યુવકો પોતાના દેશનો ગૌરવવંતો ઈતિહાસ જાણતા જ નથી તે દેશ ક્યારેય પ્રગતિ કરી શક્તો નથી. પ્રગતિ માટે ભૂતકાળનો ભવ્ય ગૌરવવંતો ઈતિહાસ નજરમાં હોવો જોઈએ. વર્તમાનની વિષમ પરિસ્થિતિઓથી મસ્તક ફાટી જતું હોવું જોઈએ અને ભવિષ્યના દિવ્ય સ્વપ્નો નજર સામે રહેવા જોઈએ. આમ ભૂત-ભાવિ અને વર્તમાન ત્રણેય કાળ તમારા ધ્યાનમાં હોવા જોઈએ.

આજના યુવાનોને માત્ર ગઈકાલના શેરબજારના ભાવ જ યાદ હોય છે. આજે રવિવારે સાંજે કઈ રેસ્ટોરન્ટમાં ફરવા જવાનું છે, તે યાદ હોય છે. દેશ માટે એને લેશમાત્ર ફીકર નથી.

આ દેશની સંસ્કૃતિ માટે તમારી અંદર જો કંઈક માનની લાગણી બચી હોય, હૃદયના કોઈ ખૂણે પણ હજી દેશદાઝ બચી હોય તો તેને ઝકઝોળવા માંગું છું. વાતવાતમાં તમે મર્યાદા, મૂલ્યો અને સંસ્કારોના ભુક્કા બોલાવી નાંખો છો ! ફોરવર્ડ અને મૉડર્ન બનવાની લ્હાયમાં તમે કેટલું ગુમાવી બેઠા છો, તેનું તમને ભાન નથી. હિન્દુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા વખતે અરબોની સંપત્તિ, જમીનો, ખેતરો, દુકાનો અને મકાનો ઊભા મૂકી દઈને ૫૦ લાખ હિન્દુઓ માત્ર ધર્મ બચાવવા ખાતર પહેરે લુગડે હિજરત કરીને હિન્દમાં આવી ગયા હતા. તેમને જો ધર્માંતર કરી નાંખવું હોત તો કોઈ ચીજ ગુમાવવાની ન હતી. બધું સલામત રહી જાત, પણ આ દેશના માનવોના હૈયે ધર્મની પ્રતિષ્ઠા એટલી મજબૂત હતી કે જે છોડવું પડે તે બધું છોડી દીધું પણ ધર્મ કદાપિ ન છોડ્યો. ક્યારેક પ્રાણ પણ છોડવા પડ્યા તો છોડી દીધા પણ ધર્મ નથી છોડ્યો.

આ શિબિરમાં બેઠેલી આજની કૉલેજ કન્યાઓને ક્યાં ખબર છે કે બીબીઓ ન બનવું પડે માટે કુલ ૨૦,૦૦૦ સ્ત્રીઓએ પોતાનાં ડોકાં સ્વજનોના વરદહસ્તે જ વઢાવી નાંખ્યા હતાં. તે બેનો-દિકરીઓ, ભાઈઓ અને પિતાઓને હાથ જોડીને કહેતી કે મુસ્લિમો ચઢી આવ્યા છે. તમારા પ્રાણ જોખમમાં છે. તમને મારી નાંખશે અને અમને ઉપાડી જશે. એના કરતાં બહેતર છે, કે તમે જ અમારી ગરદન પર તલવાર ચલાવી દો ! તે લોકો અમારું અપહરણ કરે તે પહેલાં તમે અમને મારી નાંખો. આ રીતે સ્વજનોના હાથે ડોકાં ઉડાવીને મરી જનારી સ્ત્રીઓની

અંદાજિત સંખ્યા ૨૦ હજાર ઉપરની હતી.

આજે કૉલેજમાંથી લવ-અફેર કરીને મુસલમાનો સાથે ભાગી જનારી કન્યાઓને ક્યાં ભાન છે, હિન્દુત્વની રક્ષા કાજે ૨૦૦૦૦ સ્ત્રીઓએ આત્મ બલિદાન આપ્યું છે. ઔરંગઝેબના વખતમાં ૧૬૦૦૦ પદ્મિનીઓએ હર હર મહાદેવના નારાઓ ગજાવતાં અગ્નિકુંડોમાં ઝંપલાવ્યું છે. ઓ બહેનો ! ઈન્ટરકાસ્ટ મેરેજના ચક્કરોમાંથી બહાર નીકળો ! વિજાતીય મૈત્રીઓ બંધ કરો. બ્રહ્મચર્યાશ્રમમાં સલામત રહો. છાટકા બનીને ગળે હાથ વળગાડીને ભટકવું તે આપણા દેશની સંસ્કૃતિ નથી. એ અનાર્ય અમેરિકનોને શોભે. તમને શોભતું નથી.

બેનો ! તમે તમારા ગૌરવવંતા ઈતિહાસ પ્રતિ એક નજર નાંખો. તમે હલી જશો. બહુ દૂર નહિ, નજીકનો આઝાદી વેળાનો ભૂતકાળ યાદ કરો તો તમારી વર્તમાનની બધી બૂરાઈઓ બળીને સાફ થઈ જશે. દેશના વિભાજન વખતે રાવલપીંડીમાં થોડાક હિન્દુઓ રહી ગયેલા તેમને પતાવી નાંખવા માટે દસ હજાર મુસલમાનો બંદૂકો લઈને ધસી આવ્યા હતા. ગામના ૨૦૦ હિંદુ મર્દો હાથમાં બંદૂકો લઈને સામે ગયા. ધમસાણ મચી ગયું. અઢાર અઢાર કલાક સુધી સંગ્રામ ચાલ્યો, પણ અફસોસ ! હિન્દુઓ પાસે ગોળીઓ ખૂટી ગઈ, પાછળથી તેઓ તલવાર લઈને સામા થયા પણ ૧૦ હજારની સામે ૨૦૦ જણ કેટલું ટકી શકે ? છેલ્લે બધા જ ગોળીઓથી વિંધાઈ મર્યા. મુસલમાન સેનાએ જેવો ગામમાં પ્રવેશ કર્યો કે તરત જ હિન્દુ સ્ત્રીઓએ કૂવા પૂરવા શરૂ કર્યા. હિન્દુ મહોલ્લાના નજીકના કૂવામાં એક પછી એક ૭૦ સ્ત્રીઓએ પડતા મૂક્યા. બધી જ અંદર ડૂબી મરી. છેલ્લે જે ત્રણ સ્ત્રીઓ પડી તેને પાણી ઓછું પડ્યું માટે એ ત્રણ જીવતી રહી ગઈ. ડૂબી મરવા ઘણો પ્રયત્ન કર્યો પણ નીચે બીજા સડસઠ મડદા પડેલા હતા. ડૂબી જવાય એવો કોઈ પાણીનો સોર્સ ન હતો. કૂવામાં જીવતી સ્ત્રીઓને ભાળીને મુસલમાન સૈનિકો અંદર ઉતર્યા અને એ જીવતી સ્ત્રીઓને બહાર કાઢી તેમની ઉપર બળાત્કાર કરીને અંતે મારી નાંખી. બીજા એક ગામમાં આ જ રીતે એક કૂવામાં કુલ ૬૦ સ્ત્રીઓ શીલરક્ષા, ધર્મરક્ષા કાજે ડૂબી મરી હતી. લાહોરમાં બજાર વચ્ચે ૧૫૦૦ સ્ત્રીઓને નગ્ન દશામાં ફેરવવામાં આવી હતી. તેમની માનસિક યાતનાઓનો વિચાર કરો.

બકરાની જેમ આખો દિવસ પાનના માવા અને માણેકચંદ જર્દાને ચબાવી રહેલા આજના આ નમાલા યુવાનોને કહેવું છે કે તમે પેલા નોઆંખલીના મહાવીર



સીંગને યાદ કરો ! વિશાળ બંગલામાં રહેતા પરિવારમાં કુલ ૧૮ તો સ્ત્રીઓ હતી. આસપાસના બીજા ૨૦૦ હિંદુઓએ બંગલામાં આશ્રય લીધો હતો. મુસલમાનોએ આખા બંગલાને ચારે કોરથી ઘેરી લીધો. બંગલાની અગાસી ઉપરથી મહાવીરસીંગ એકલો લડત આપી રહ્યો હતો. અંતે જ્યારે બંદુકની ગોળીઓ અને શસ્ત્રો ખૂટી ગયા ત્યારે ચારે કોરથી બારીબારણા બંધ કરી દીધા. ઘરમાં તેલ-ઘી, ઘાસલેટનો જેટલો સ્ટોક હતો તે બધો ચારે કોર છાંટી દઈને આખા મહેલને ભડકે સળગાવીને તમામે તમામ અંદર જીવતા બળી મર્યા હતા. ક્યારેય તેમનો ધર્માંતરનો વિચાર શુદ્ધા કર્યો ન હતો.



મને પેલા ગુરુકુલ કાંગડીના સ્થાપક સ્વામીશ્રી શ્રદ્ધાનંદજી યાદ આવે છે. તેઓએ શુદ્ધિરથ ચાલુ કરેલો. મુસ્લિમોએ વટલાવેલી નાખેલા હિંદુઓનું શુદ્ધીકરણ કરીને ફરી પાછા તેમને હિંદુ ધર્મમાં સ્થાપિત કરવામાં આવતા હતા. સ્વામીજીએ એકલપંડે કુલ છ લાખ વટલાયેલા હિંદુઓને ફરીવાર હિંદુ બનાવ્યા હતા. ૭૨ વર્ષની વૃદ્ધ વયે પણ તેઓ અંગ્રેજોની તોપના નાડચાએ ઊભા રહેતા અને કહેતા, કે નિર્દોષ જીવો ઉપર શું મશીનગન ચલાવો છો ? તાકાત હોય તો મારી ઉપર ચલાવો ! તેમના શૌર્યથી ડઘાઈને અંગ્રેજ બચ્ચાઓ ઊભી પૂંછડીએ ભાગી જતા હતા. છેલ્લા દિવસોમાં તેમનું શરીર સાવ ગળી ગયું હતું. બેઠા પણ થઈ શક્તા ન હતા. એક દિવસ ૪ વાગે અબ્દુલ રશીદ નામનો એક યુવક તેમને મળવા આવ્યો. બારણા પાસે સ્વામીજીના શિષ્ય ધર્મસિંહ બેઠા હતા. તેમને કહ્યું, કે સ્વામીજીની તબિયત ઠીક નથી. માટે અત્યારે તમે મળી શકશો નહિ. એટલામાં તો અંદરથી સ્વામીજીએ કહ્યું કે, ઉનકો રોકો મત, આને દો ! પેલો યુવક અંદર ઘૂસી ગયો. સ્વામીજીને કહ્યું કે, મારે તમારી જોડે ચર્ચા કરવી છે. સ્વામીજીએ કહ્યું કે, આજ તો મેં બહુત અસ્વસ્થ હું, લેકિન સ્વસ્થ હોને કે બાદ અવશ્ય ચર્ચા કરેંગે. એટલામાં પેલા યુવકે પાણી માંગ્યું. સેવક ધર્મસિંહ તેને સામેથી પરબથી પાણી લાવી આપ્યું. એક ગ્લાસ પાણી પીધા પછી ધર્મસિંહ જ્યારે લોટો-પવાલુ મૂકવા સામી પરબે ગયા ત્યારે પેલાએ પીસ્તોલ કાઢીને સૂતેલા સ્વામીજીની છાતીમાં ગોળીઓ ખાલી કરી નાંખી. પીસ્તોલનો અવાજ થતાં ધર્મસિંહજી દોડી આવ્યા. તેમની ઉપર ગોળીઓ ચલાવી. તેઓ પણ ઢળી પડ્યા. એટલામાં ધર્મબાલ દોડી આવ્યો અને હત્યારાને પકડી લીધો. પોલીસને હવાલે કરી દીધો. કૉર્ટમાં કેસ ચાલ્યો અને હત્યારાને ફાંસીની સજા જાહેર થઈ. ફાંસી લાગી ગયા બાદ શબયાત્રામાં શબ ઉંચકવા માટે કુલ ૫૦૦૦૦ મુસ્લિમો જોડાયા હતા.

આજે કુરબાનીઓ યાદ કરવાનો દિવસ છે. આજે આંખોમાં પાણી ભરી લેવાનો દિવસ છે. કવિવર પ્રદીપજી રચિત રાષ્ટ્રગીત ‘‘ઐ મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભર લો પાણી, જો શહિદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.’’ જ્યારે લતામંગેશકરના કંઠે ગવાયું ત્યારે ભારતમાં અશ્રુઓના પૂર ઉમટ્યા હતા. નહેરુજી અને સરદારજી જેવા પણ ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યા હતા. આ ગીતમાં દેશભક્તિ કરતાં શહિદ થયેલા વીરોની યાદ તાજી કરવામાં આવી હતી. જે લોકો આઝાદી માટે લડ્યા હતા તે લોકો અફસોસ ! આજે આઝાદી જોવા રહ્યા નથી.

ઈ.સ.૧૯૩૧ની ૨૩મી માર્ચ યાદ કરો. તે દિવસેય એક સાથે ત્રણ વીરોને ફાંસી દેવાઈ હતી. સરદાર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ, જેમણે કાન ટોપીથી મોં ઢાંકવાની અને હાથકડી પહેરાવાની પણ ના પાડી

હતી. ત્રણે વીરો જેલની ખોલીમાંથી બહાર આવીને પહેલા એકબીજાને ગાઢ આલીંગનથી ભેટ્યા હતા. પછી ગીત ગાયું હતું. ''દીલ સે નીકલેગી ન મરકર ભી વતન કી ઉલ્ફત, મેરી મીટ્ટી સે ભી ખૂશબુ યે વતન કી આયેગી.''

પછી ભગતસિંગે ન્યાયાધીશને કહ્યું કે, તમે નસીબદાર છો કે તમને સગી આંખે આ શહીદી જોવાનો મોકો મળી રહ્યો છે. પછી જાતે જ પગથિયા ચડીને ફાંસીના ફંદા નીચે ગોઠવાઈ ગયા હતા અને રસ્સીનો ગાળીયો પણ જાતે જ ગળામાં નાંખી દીધો હતો. ઈન્કલાબ ઝીંદાબાદ, સામ્રાજ્યવાદ મુર્દાબાદનો સૂત્રોચ્ચાર કર્યો, જલ્દાલે ચક્ર ગુમાવ્યું. તેની આંખમાંથી પણ શ્રાવણ-ભાદરવો વરસી રહ્યો, બરાબર સંધ્યાકાળની આરતીનું ટાણું થયું. ઘડિયાળમાં ૭-૩૩ મિનિટ થઈ અને ત્રણે વીરોએ કાયમ માટે આંખ મીંચીં દીધી. આ ઘટનાને આજે ૯૩ વર્ષ વીતી ગયા. આઝાદી તો આવી ગઈ પણ પેલા ત્રણ વીરોને પાછા ક્યાંથી લાવવા.

ઈ.સ. ૧૮૫૭ની ૧૦મી મે સ્વાતંત્ર્ય સંગ્રામની આરંભ ડેઈટ ગણાય છે. ૫૭ના બળવાનો પ્રારંભ એક નાનકડી વાતમાંથી થયો હતો. તે ટાઈમે કંપની સરકારમાં સૈનિક તરીકે ભરતી થયેલા ભારતીય હિંદુ સૈનિકો પોતાનું પેટ ચરબીથી અભડાવવા માંગતા ન હતા. માત્ર ચરબીથી બચવા બળવો શરૂ થયો હતો. આઝાદીની ચળવળ ચાલુ હતી. અનેક યુવાનો માથે કફન બાંધીને મા-ભૌમની રક્ષા કાજે નીકળી પડ્યા હતા. માત્ર ઓગણીસ વર્ષનો બ્રાહ્મણપુત્ર મંગલ પાંડે પણ આ ચળવળમાં સામિલ થયો હતો. એક દિવસની વાત છે. એક નિમ્ન જાતિ ખલાસીએ એક બ્રાહ્મણ સૈનિક પાસે પાણી પીવાનો લોટો માંગ્યો. બ્રાહ્મણ સૈનિકે ઘસીને ના પાડતાં કહ્યું, તને આપું તો મારો લોટો અભડાય ! ખલાસીએ વાતનો ઘટસ્ફોટ કરતાં ગુસ્સામાં બરાડી ઉઠ્યો કે, તમે અત્યારે લોટાથી અભડાઈ મરો છો. પણ યાદ રાખજો, કે ટૂંક સમયમાં આ અંગ્રેજોની કંપની સરકાર ગાયોની ચરબીમાં બોળેલા કારતૂસ દાંતેથી તોડાવીને તમને સપૂચા અભડાવશે.

કંપની સરકારે પ્રાઈવેટ કારખાનામાં બંદૂકની ગોળીઓને ગાયોની ચરબીમાં બોળવાનું કાવત્રું ચાલુ કરી દીધેલું. આ વાત એકાએક ફૂટી ગઈ અને ધર્મચુસ્ત દેશભક્ત મંગલ પાંડે ઝાલ્યો રહી ન શક્યો. એણે ચીસાચીસ કરી મૂકી અને સૈનિકોને ઍલાન કર્યું કે બહાર નીકળો ! ધર્મરક્ષા માટે આગળ આવો ! આ કારતૂસો તોડીને આપણે ભ્રષ્ટ બનીએ તે પહેલાં બહાર નીકળો ! ધર્મરક્ષાર્થે પ્રહાર ચાલુ કરો ! સૈનિકો બંદૂકો લઈને બહાર આવે તે પહેલાં લેફ્ટનન્ટ બફ પાંડેને ગોળી મારી. પાંડેએ સામો ગોળીબાર કર્યો. બેમાંથી એકેય મર્યો નહિ. ગોળીઓ નિશાન ચૂકી ગઈ, પણ પાંડેનું ઝનૂન જબ્બર હતું. એ તલવાર લઈને ધસ્યો. ઊભાને ઊભો બફ સાહેબને વેતરી નાંખ્યો. પાંડે કાળ મટીને મહાકાળ બની ચૂક્યો હતો. અંગ્રેજો ગભરાઈ ગયા. એક મુસ્લિમ સિપાઈ હતો જેનું નામ હતું શેખપલ્ટુ ! એણે પાંડેને કમરથી સજ્જડ રીતે બાથમાં પકડી રાખ્યો અને પછી અંગ્રેજ સાહેબોને કહ્યું : ભાગો ! જલ્દી ભાગી જાવ ! બધા અંગ્રેજ બચ્ચાઓ ભાગી જાય ત્યાં સુધી પાંડેને સજ્જડ રીતે બાહુપાશમાં જકડી રાખ્યો.

આ બધા ભાગી ગયેલા કાયર ધોળીયાઓએ જઈને મેજર જનરલને ફરિયાદ કરી. તેણે ત્યાં આવીને જાહેરાત કરી કે જે સૈનિક ઑર્ડર નહિ માને તેની તત્કાળ લાશ પાડવામાં આવશે. મંગલ પાંડે સમજી ગયો. હવે આ સૈનિકોને મજબૂર બનાવશે. એના કરતાં હું મારી જાતે જ શહીદ થઈ જાઉં. જનરલ કશો ઓર્ડર છોડે તે પહેલાં જ પાંડેએ બંદૂકનો ઘોડો પાડી દીધો અને જાતે જ પોતાની છાતીમાં ગોળી હુલાવી દીધી. ગોળી ચીંધી હૃદય ચેમ્બરમાં જવાને બદલે સાઈડમાંથી માંસ ફાડીને આરપાર નીકળી ગઈ. જનરલે ઘવાયેલ પાંડેને જીવતો પકડ્યો અને ફાંસી મારી દીધી. ફાંસી માર્યાના સમાચાર મળતાં હિંદુ સૈનિકોએ કંપની સરકારની વર્દિની ટોપી માથા પરથી નીચે ફેંકીને પગેથી ધૂળમાં રગદોળી નાખી. નફરત, વિરોધ અને વિદ્વેષની આગ ભડકી ઉઠી અને તે જ દિવસથી જેને સત્તાવનનો બળવો કહેવાય છે, તેનો પ્રારંભ થઈ ગયો. તારીખ હતી ૧૦ મે, ૧૮૫૭. તો આવા જેટલા દેશભક્તોને યાદ કરીએ તેટલા ઓછા છે.

વધુ આવતા અંકે...

## એલર્ટ યુવાનો દ્વારા અનુકંપા, જીવદયા વગેરે સુંદર કાર્યોનું આયોજન



ડભોઈ ગ્રુપ દ્વારા ગરીબ બાળકોને જમણ



ધુલીયા ગ્રુપ દ્વારા ખીચડી વિતરણનું સુંદર આયોજન



જામનગર ગ્રુપ દ્વારા પાંજરાપોળમાં જઈ ગાયોને ચણ



મોરબી ગ્રુપ દ્વારા ગરીબ બાળકોમાં ફ્રુટનું વિતરણ



વિરાર ગ્રુપ દ્વારા મજૂર વર્ગમાં છત્રીનું વિતરણ



બ્રાહ્મી સુંદરી ગ્રુપ, અમદાવાદ દ્વારા પાલિતાણાના ગામોની મુલાકાત



ગોડીજી સંઘમાં એલર્ટ ગ્રુપ દ્વારા બાળકોનું ઈનામનો મેળાવડો





શાહપુર ગ્રુપ દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પનું સુંદર આયોજન








વસઈ ગ્રુપ દ્વારા સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધનાનું આયોજન







દક્ષિણ મહારાષ્ટ્ર ગ્રુપોનું એક દિવસીય મહામિલનનું આયોજન

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment  LPWP Licence No. : PMG/NG/058/2024-2026  Valid up to 31-12-2026




માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514